## જન્મદિને વધામણી



**હેત એન દેવમુરારી**

## યુથ હૉસ્ટેલ ખાતે કાવ્ય મહેફિલ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સાહિત્યસભા ૨૦૧૯ના નવા વર્ષના પ્રથમ માસ જાન્યુઆરીમાં પોતાની કાર્ય પ્રવૃત્તિનો પ્રારંભ પ્રસિદ્ધ કવિની મહેફિલ દ્વારા કરવા જઈ રહી છે.

સૅક્ટર-૧૬માં સ્થિત યુથ હૉસ્ટેલ ખાતે કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ'નો કાવ્યપઠનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. તા. ૧૩ જાન્યુઆરી ને રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે આ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રકારની ફી રાખવામાં આવી નથી.

ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો અને સૌ સાહિત્ય-કાવ્યરસિક નગરજનોને આ કાર્યક્રમ માણવા સંસ્થા વતી ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં વાર્ષિક રમતોત્સવ





રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, સરગાસણ ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સિનિયર વ્યાયામ શિક્ષક ચિંતન બી પટેલના માર્ગદર્શન, આયોજનમાં વ્યાયામ શિક્ષક નરેશ કે મકવાણાના સહયોગથી વિદ્યાર્થીઓએ લીંબુ ચમચી દોડ, ૫૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, રસ્સાખેંચ, કબડ્ડી, ફુગ્ગા ફોડ, સંગીત ખુરશી, ચૉકલેટ શોધ, ઑરેન્જ રેસ, ઉલટી દોડ, કેળાં રેસ જેવી રમતોમાં ભાગ લીધો હતો.

આ સફળ રમતોત્સવ બદલ વિદ્યાર્થીઓને સમગ્ર શાળા પરિવાર વતી મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજા દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## રાજ્ય ઍજ્યુકેશનલ ઈનોવેશન ફેરમાં ગાંધીનગર જિલ્લાનો પ્રૉજેક્ટ રજૂ થયો




ગાંધીનગર, તા. ૧૦

જીસીઈઆરટી દ્વારા આયોજિત રાજ્યકક્ષાના ચોથા ઍજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આઈઈડી વિભાગમાં કાર્ય કરતા વિશિષ્ટ શિક્ષક પૌરીન પટેલ અને ટીમ નિર્મિત દિવ્યાંગ બાળકોના ઈનોવેશન 'ઉડાન ઉમ્મીદોં કી'ની રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આ ઈનોવેશન રાજ્યકક્ષાએ મૂકવામાં આવ્યું હતું.

ચાંગા ચારુસેટ યુનિવર્સિટી, આણંદ ખાતે આયોજિત આ ઍજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમાં રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ સચિવ વિનોદ રાવ, જીસીઈઆરટીના નિયામક ટી ઍસ જોષી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે આ દિવ્યાંગ બાળકોના ઍજ્યુકેશન ઈનોવેશન સ્ટોલની મુલાકાત લઈ, તે અંગે પૂર્ણ માહિતી લઈ દિવ્યાંગબાળકો સાથે કરવામાં આવતાં ઉત્કૃષ્ટ કાર્યોની નોંધ લીધી હતી અને પૌરીન પટેલને શુભકામનાઓ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે આ પ્રથમ ઘટના હતી જ્યારે દિવ્યાંગ બાળકો માટેનું કોઈ ઈનોવેશન રાજ્ય ઈનોવેશન ફેસ્ટીવલમાં રજૂ કરવામાં આવ્યું હોય.

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા બે સ્કૂલ્સ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર



ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા બે સ્કૂલ્સના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આર જી પટેલ હાયર સૅકન્ડરી ગર્લ્સ સ્કૂલ અને આર સી પટેલ હાયર સૅકન્ડરી સ્કૂલના ધોરણ-૧૨ કૉમર્સના વિદ્યાર્થીઓ માટે 'ધોરણ-૧૨ કોમર્સ પછી ઉપલબ્ધ વિકલ્પો' વિષયે આ સેમિનાર યોજવામાં આવ્યો હતો. વક્તા તરીકે ડૉ. જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સાયબર સિક્યુરિટી, ડિજીટલ માર્કેટિંગ, ફૉરેન્સિક એકાઉન્ટીંગ, ઉદ્યોગ સાહસિક બનવાની ઉજ્જવળ તક આપતી આઈ-ક્રિએટ સંસ્થાની માહિતી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ સાથે પ્રૉફેશનલ કોર્સીસ, ઉપલબ્ધ બેન્કિંગ વિકલ્પો, પરંપરાગત ગ્રેજ્યુએશન કોર્સીસ ઉપરાંત સ્કીલ ડેવલપમેન્ટ અને ઈનોવેશન જેવા વિષયો અંતર્ગત વિગતે વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### સ્વચ્છ ભારત મિશન (અર્બન) અંતર્ગત

## ફિલ્ડ આઉટરીચ બ્યુરો, પાલનપુર દ્વારા વિશેષ જનસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યો



ગાંધીનગરની સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસમાં ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના ફિલ્ડ આઉટરીચ બ્યુરો ,પાલનપુર દ્વારા સ્વચ્છ ભારત મીશન (અર્બન) અંતર્ગત વિશેષ જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં ફીલ્ડ આઉટરિચ બ્યુરો, પાલનપુર દ્વારા પ્લાસ્ટીકના ઓછા વપરાશ માટે કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યકામમાં ઉપસ્થિત જનતાને સ્વચ્છતા માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા. સ્વચ્છ ભારત એમ્બેસેડર તેમજ જાણીતા કલાકાર રાકેશ પુજારાએ દેશના એક એક ગામ, નાના મોટા શહેર , ગ્રામ પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓમાં આ અભિયાનને પહોંચાડીને સ્વચ્છતા સંદેશ ને ઘર ઘર સુધી પહોંચાડવામાં ભારત સરકારની સાથે દરેક નાગરિક જોડાય એવી અપીલ કરી હતી. કાર્યક્રમની સંપૂર્ણ ભૂમિકા, આયોજન,સંચાલન ફિલ્ડ આઉટરીચ બ્યુરો, પાલનપુરના પ્રચાર અધિકારી જે. ડી. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય સેવા યોજના શિબિરમાં વ્યસનમુક્તિ વિશે નાટક યોજાયું



મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર તથા દેલવાડા ગામના સહયોગ દ્વારા 'રાષ્ટ્રીય સેવા યોજના' અંતર્ગત વાર્ષિક શિબિરનું આયોજન આનંદવાડી, નવા રામજી મંદિર, દેલવાડા, તા. માણસા ખાતે તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ શિબિર અંતર્ગત નશાબંધી અને આબકારી વિભાગ, ગાંધીનગર દ્વારા બુધવારે રાત્રે વ્યસનમુક્તિ વિષયે નાટકની રજૂઆત કરવામાં આવી હતી. સેવન ઍન્ટરટેઈનમેન્ટ ઍન્ડ ઈવેન્ટ્સ દ્વારા પ્રસ્તુત આ નાટકમાં અક્ષય પટેલ, મિતેષ પાંડવ, ચાર્મી ભટ્ટ, પાર્થ પટેલ અને ધીરજ પુરાણી દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં.

# ગાંધીનગર આઈએનઆઈએફડી ખાતે અનુજ શર્મા દ્વારા બટન વર્કશોપ







આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ અવનવા વસ્ત્રો ડિઝાઈન કરવા માટે જાણીતા છે, ત્યારે કંઈક જુદા પ્રકારનાં વસ્ત્રો બનાવવા માટેના વર્કશોપનું આયોજન ફેશન ડિઝાઈનર અનુજ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું, જેને બટન વર્કશોપ નામ આપવામાં આવ્યું હતું. વિશાલ મકવાણાએ જણાવ્યું કે 'બટન વર્કશોપ'માં રબર અને બટનનો ઉપયોગ કરીને કઈ રીતે નવી ડિઝાઈનવાળા ડ્રેસીસ બનાવવા તે શીખવવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓએ ખૂબ જ સારી રીતે રબર અને બટનનો ઉપયોગ કરીને જુદા જુદા પ્રકારની ડિઝાઈન્સ બનાવી હતી. અનુજ શર્મા સમગ્ર ભારતમાં તેમના બટન મસાલા તકનીક માટે જાણીતા છે. તેમણે ૫૦,૦૦૦ વ્યક્તિઓને તેમના અભિયાન 'બટન મસાલા' દ્વારા પોતાના કપડાં કેવી રીતે બનાવવાં તે શીખવ્યું છે. આ વર્કશોપમાં ફેબ્રિક, બટનો અને રબર બેન્ડ્સ સાથે વિદ્યાર્થીઓએ કપડાં, જૂતાં, બેગ, રેઈનકોટ, કાર્પેટ્સ અને કુશન કવર બનાવ્યાં હતાં.

## 'ઈશ્વરે મારી લાજ રાખી'

મેં ઓફિસ લીધી તેમ ગિરગામમાં ઘર લીધું. પણ ઈશ્વરે મને સ્થિર થવા ન દીધો. ઘર લીધાને બહુ દિવસ નહોતા થયા એટલમાં જ મારો બીજો દીકરો સખત બીમારીથી ઘવાયો. તેને કાળજ્વરે ઘેર્યો. તાવ ઊતરે નહીં. મૂંઝારો પણ સાથે, અને રાત્રે સન્નિપાતમાં ચિહ્ન પણ જણાયાં. આ વ્યાધિ પૂર્વે બચપણમાં તેને શીતળા પણ ખૂબ નીકળેલા.

મેં દાક્તરની સલાહ લીધી. દાક્તરે કહ્યુંઃ 'તેને સારુ દવા થોડું જ કામ કરશે. તેને ઈંડા અને મરઘીનો સેરવો આપવાની જરૂર છે.'

મણિલાલની ઉંમર દસ વર્ષની હતી. તેને તો મારે શું પૂંછવાપણું હોય ? હું તેનો વાલી રહ્યો. મારે જ નિર્ણય કરવો રહ્યો. દાક્તર એક બહુ ભલા પારસી હતા. 'દક્તર, અમે તો બધાં અન્નાહારી છીએ. મારો વિચાર મારા દીકરાને એ બેમાંથી એકે વસ્તુ આપવાનો નથી. બીજું કંઇ ન બતાવો ?'

દાક્તર બોલ્યા, 'તમારા દીકરાનો જાન જોખમમાં છે. દૂધ અને પાણી મેળવીને અપાય, પણ તેથી તેનું પૂરું પોષણ નહીં થઇ શકે. તમે જાણો છો તેમ, હું તો ઘણાં હિંદુ કુટુંબોમાં જાઉં છું. પણ દવાને સારુ તો અમે ગમે તે વસ્તુ આપીએ તે તેઓ લે છે. મને તો લાગે છે કે, તમે તમારા દીકરા ઉપર આવી સખતી ન કરો તો સારું.'

'તમે કહો છો એ તો સાચું જ છે. તમારે એમ જ કહેવું ઘટે. મારી જવાબદારી બહુ મોટી છે. દીકરો મોટો થયો હોત તો તો હું જરૂર તેની મરજી જાણવા પ્રયત્ન કરત ને તે ઈચ્છત તેમ કરવા દેત. અહીં તો મારે જ આ બાળકને સારુ વિચાર કરવાનું રહ્યું. મને તો લાગે છે કે મનુષ્યના ધર્મની કસોટી આવે જ સમયે થાય. ખરોખોટો પણ મેં એવો ધર્મ માન્યો છે કે, મનુષ્યે માંસાદિક ન ખાવાં જોઈએ. જીવનનાં સાધનોની પણ હદ હોય. જીવવાને ખાતર પણ અમુક વસ્તુઓ આપણે ન કરીએ. મારા ધર્મની મર્યાદા મને, મારે સારુ ને મારાંને સારુ, આવે વખતે પણ માંસ ઈત્યાદિનો ઉપયોગ કરતાં રોકે છે. એટલે મારે તમે ધારો છો તે જોખમ વેઠ્યે જ છૂટકો છે. પણ તમારી પાસેથી એક વસ્તુ માગી લઉં છું. તમારા ઉપચાર તો નહીં કરું, પણ મને આ બાળકની છાતી, નાડ ઈત્યાદિ તપાસતાં નહીં આવડે. મને પોતાને પાણીના ઉપચારોની થોડી ગમે છે. તે ઉપચારો કરવા હું ધારું છું. પણ જો તમે અવારનવાર મણિલાલની તબિયત જોવા આવતા રહેશો ને તેના શરીરમાં થતા ફેરફારોની મને ખબર આપશો, તો હું તમારો આભાર માનીશ.'

ભલા દાક્તર મારી મુશ્કેલી સમજ્યા ને મારી માગણી મુજબ મણિલાલને જોવા આવવા કબૂલ કર્યું.

જોકે મણિલાલ પોતાની પસંદગી કરી શકે એમ તો નહોતું, છતાં મેં તેને દાક્તરની સાથે થયેલી વાત કરીને તેનો વિચાર જણાવવા કહ્યું.

**ગાંધીયાત્રા**

'તમે પાણીના ઉપચાર સુખેથી કરો. મારે સેરવો નથી પીવો ને ઈંડા નથી ખાવા.'

આ વચનથી હું રાજી થયો. જોકે હું સમજતો હતો કે, જો મેં તેને એ બન્ને ચીજ ખવડાવી હોત તો તે ખાત પણ ખરો.

હું ક્યુનીના ઉપચારો જાણતો હતો. તેના અખતરા પણ કર્યા હતા. દરદમાં ઉપવાસને મોટું સ્થાન છે એ પણ જાણતો હતો. મેં મણિલાલને ક્યુનીની રીત પ્રમાણે કટિસ્નાન આપવાનું શરૂ કર્યું. ત્રણ મિનિટથી વધારે વખત હું તેને ટબમાં રાખતો નહીં. ત્રણ દિવસ તો કેવળ નારંગીના રસની સાથે પાણી મેળવી તે ઉપર રાખ્યો.

તાવ હઠે નહીં. રાત્રે કંઇ કંઇ બકે. તાવ ૧૦૪ ડિગ્રી લગી જાય. હું ગભરાયો. જો બાળકને ખોઇ બેસીશ તો જગત મને શું કહેશે ? મોટાભાઇ શું કહેશે ? બીજા દાક્તરોને કાં ન બોલાવાય ? વૈદ્યને કેમ ન બોલાવવા ? પોતાની જ્ઞાનહીન અક્કલ ડહોળવાનો માબાપને શો અધિકાર છે ?

આવા વિચારો આવે. વળી આમે વિચારો આવેઃ

જીવ ! તું તારે સારુ કરે તે દીકરાને સારુ કરે તો પરમેશ્વર સંતોષ માનશે. તને પાણીના ઉપચાર પર શ્રદ્ધા છે, દવા ઉપર નથી. દાક્તર જીવતદાન નહીં આપે. તેનાયે અખતરા છે. જીવનદોરી તો એક ઈશ્વરના જ હાથમાં છે. ઈશ્વરનું નામ લઈને, તેના ઉપર શ્રદ્ધા રાખી, તું તારો માર્ગ ન છોડ.

આમ ધાલાવેલી મનમાં ચાલતી હતી. રાત પડી. હું મણિલાલને પડખામાં લઈને સૂતો હતો. મેં તેને ભીના નિચોવેલા ચોફાળમાં લપેટવાનો નિશ્ચય કર્યો. હું ઊઠ્યો. ચોફાળ લીધો. ઠંડા પાણીમાં ઝબોળ્યો. નિચોવ્યો. તેમાં પગથી ડોક સુધી તેને લપેટ્યો. ઉપર બે ધાબળીઓ ઓઢાડી.માથા ઉપર ભીનો ટુવાલ મૂક્યો. તાવ લોઢી જેવો તપી રહ્યો હતો. શરીર તદ્દન સૂકું હતું. પસીનો આવતો નહોતો.

હું ખૂબ જ થાક્યો હતો. મણિલાલને તેની માને સોંપી હું અરધા કલાકને સારુ જવા હવા ખાઈ તાજો થવા ને શાંતિ મેળવવા ચોપાટી ઉપર ગયો. રાતના દશેક વાગ્યા હશે. માણસોની આવજા ઓછી થઇ ગઇ હતી. મને થોડું જ ભાન હતું. હું વિચારસાગરમાં ડૂકબી મારી રહ્યો હતો. હે ઈશ્વર ! આ ધર્મસંકટમાં તું મારી લાજ રાખજે. 'રામ, રામ'નું રટણ તો મુખે હતું જ. થોડા આંટા મારી ધડકતી છાતીએ પાછો ફર્યો. જેવો ઘરમાં પેસું છું તેવો જ મણિલાલે પડકાર્યોઃ 'બાપુ, તમે આવ્યા ?'

'હા, ભાઈ.'

'મને હવે આમાંથી કાઢોને. બળી મરું છું.'

'કાં, પસીનો છૂટે છે શું ?'

'હું તો પલળી ગયો છું. હવે મને કાઢોને ભાઈસાબ !'

મેં મણિલાલનું કપાળ તપાસ્યું. માથે મોતિયા બાજ્યા હતા. તાવ ઓછો થતો હતો. મેં ઈશ્વરનો પાડ માન્યો.


'મણિલાલ, હવે તારો તાવ જશે. હજુ થોડો વધારે પરસેવો નહીં આવવા દે ?'

'ના, ભાઈસાબ ! હવે તો મને છોડાવો. વળી બીજી વાર એવું કરજો.'

મને ધીરજ આવી હતી. એટલે વાતો કરાવી થોડી મિનિટો ગાળી. કપાળેથી પરસેવાના રેલા ચાલ્યા. મેં ચાદર છોડી. શરીર લૂછ્યું, ને બાપ-દીકરો સાથે સૂઈ ગયા. બન્નેએ ખૂબ નિંદ્રા લીધી.

સવારે મણિલાલનો તાવ હળવો જોયો. દૂધ ને પાણી તથા ફળ ઉપર તે ચાળીસ દિવસ રહ્યો. હું નિર્ભય બન્યો હતો. તાવ હઠીલો હતો, પણ કાબૂમાં આવ્યો હતો. આજે મારા બધા છોકરાઓમાં મણિલાલ શરીરે સહુથી વધારે મજબૂત છે.

તે રામની બક્ષિસ છે કે પાણીના ઉપચારની, અલ્પાહારની ને માવજતની, તેનું નિરાકરણ કોણ કરી શકે ? સહુ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે ભલે કરે. મારી તો ઈશ્વરે લાજ રાખી એટલું મેં જાણ્યું ને આજ પણ એમ જ માનું છું.




- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર